## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ના બેટા, મારે ફાફડા જલેબી વાળા સાથે કોઇ દુર દુરનો નાતો પણ નથી..

# રશ્મિકા મંદાના સ્વર્ણિમ યુનિવર્સિટીની મુલાકાતે



અમદાવાદ,તા.૦૪

બોલિવૂડના ખૂબ પ્રસિદ્ધ એક્ટ્રેસ રશ્મિકા મંદાના તેમની આગામી ફિલ્મ ગુડ બાય ના પ્રમોશન માટે અમદાવાદ આવ્યા હતા. ત્યારે સૌપ્રથમ અમદાવાદમાં સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની મુલાકાત કરી હતી, તે દરમ્યાન તેમને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા, ડાન્સ, અને આગામી ફિલ્મ વિશેની વાતચીત કરી હતી. સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલ તેમનુ પોર્ટ્રેટ ભેટ આપવામાં આવ્યું હતું.

## ખૂણેખાંચરેથી

● નાગરિક પુરવઠા નિગમમાં આજે મહિલા કર્મયોગીનીઓએ ગરબા યોજ્યા હતા.

● ગાંધીનગર મહાનગરપાલિકાની નવી કચેરીમાં હજુ નવા ફર્નિચરનું અને ઓફિસની ગોઠવણીની કામગીરી ચાલી રહી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન તરીકે અનિલ પટેલ ગુરૂવારે બપોરે તેમના હોદ્દાનો ચાર્જ સંભાળશે.

● રાજયની વિધાનસભાની સામાન્ય ચૂંટણીને લઈ મતદાર જાગૃત્તિ અભિયાન અને અન્ય વિષયોને લઈ આજે વિડીયો કોન્ફરન્સ ચૂંટણી પંચના અધિકારીઓએ યોજી હતી.

● ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસો સતત વધી રહ્યા છે. બેવડી ઋતુને કારણે વાઈરલ બિમારીના કેસો પણ વધ્યા છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે ગરમીનો પારો ૩૬ ડિગ્રી નોંધાયો હતો.

● આજે નોમના નૈવેદ્ય હોવાથી કચેરીઓમાં ઓછી હાજરી કર્મચારીઓની જોવા મળી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે દિવસ દરમ્યાન ટ્રાફિકનું ભારણ ઓછુ જણાયુ હતુ.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝની કામગીરી સાવ ધીમી પડી ગઈ છે. આજે શહેર-જિલ્લામાં ૧૫૦ જેટલા લોકોને જ આ અભિયાનમાં આવરી શકાયા હતા.

● ગાંધીનગરમાં સરકારી કાર્યક્રમોના ભારણને પગલે જિલ્લાની કચેરીઓમાં ફાઈલોના ઢગલા થઈ જવા પામ્યા છે.

● સ્રાનાદી અધિકારીઓની બદલી સહિત વિવિધ સંવર્ગમાં બદલીના હુકમો આ સપ્તાહે જ થશે તેવી ચર્ચા સચિવાલયમાં ચાલી રહી છે.

● ભારત સરકારે જાહેર કરેલ ડી.એ. પછી હવે રાજ્ય સરકારે પણ ડી.એ.ના વધારાની જાહેરાત કરવી જોઈએ તેવી માંગણી કર્મચારી સંગઠ્નો દ્વારા શરૂ થઈ ગઈ છે.



નવરાત્રી હવે પુર્ણતાના આરે છે ત્યારે આઠમ અને નોમના નૈવેદ્ય માટેની તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. બજારોમાં વિવિધ પ્રકારના ફૂલો વેચાણ માટે આવ્યા છે. નૈવેદ્ય માટેની તૈયારી કરતા પરિવારજનો ફૂલ સહિત વિવિધ પૂજા-સામગ્રીની ખરીદી કરતા નજરે ચઢી રહ્યા છે.



સેક્ટર-૩ માં યોજાયેલ ગરબા મહોત્સવમાં હેલ્લો જીંદગી ફિલ્મના અભિનેત્રી વિવેકા પટેલ ગરબે ઘુમ્યા હતા. ખેલૈયાઓએ અભિનેત્રીને આવકારી તેઓની સાથે ગરબે ઘુમવાનો અવસર પ્રાપ્ત કર્યો હતો.



ગાંધી જયંતિના અવસરે ધારાસભ્ય શંભુજી ઠાકોર દ્વારા ગાંધીજીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. સર્વ ધર્મ સમભાવ માટે તેઓએ પ્રાર્થના કરી હતી.

# દિપોત્સવી અંકનું વિમોચન કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૦૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત દિપોત્સવી અંક વિક્રમ સંવત ૨૦૭૮નું વિમોચન કરતાં જણાવ્યું હતું કે, દીપાવલી એ પ્રકાશનું પર્વ છે, હજારો લાખો દીપકની પ્રકાશજ્યોતનું સોનેરી અજવાળું ચોતરફ ફેલાયેલું છે. પ્રકાશ પર્વ દીપોત્સવ સૌને નવા શુભ સંકલ્પો સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે. આપણે સૌ ગુજરાતી બાંધવો સ્વયં સત્યનિષ્ઠાની જ્યોત પ્રગટાવી સદવિચારોના પ્રકાશ પાથરવાનો સાચા હૃદયથી પ્રયત્ન કરીએ એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, સૌ ગુજરાતીઓના પ્રેમ અને આશિર્વાદથી વિકાસની નવી પરિભાષા ગુજરાતે અંકિત કરી છે. ગુજરાતની પ્રગતિનું ચાલક બળ એની સાડા છ કરોડ ઉપરાંતની જનશક્તિનો જનહિતલક્ષી કાર્યોમાં વિશ્વાસ છે. એકધારા જીવનમાં તહેવારો તાજગી



લાવે છે. હિન્દુસ્તાનની સાંસ્કૃતિક વિરાસતમાં દીપોત્સવના પ્રકાશપર્વનું અદકેરું સ્થાન છે. આવનારા વર્ષમાં આપણે સહુ આપણી અંદર રહેલી રચનાત્મક શક્તિઓને ખીલવીને વિકાસના નવા પ્રકાશપુંજનું આહવાન કરી ગુજરાતના વિકાસના નવતર સીમાચિહ્નો પ્રસ્થાપિત કરીએ. માહિતી નિયામક શ્રી આર. કે. મહેતાએ ગુજરાત દીપોત્સવી અંક વિષે વિગતો આપતા જણાવ્યું હતું કે, રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રતિ દીપોત્સવ પર્વ નિમિત્તે જીવન ઉચ્ચ વિચારોથી દીપી ઉઠે એવું સંસ્કારસભર વાંચન પીરસવાની પ્રતિવર્ષની આગવી પરંપરા અનુસાર ગુજરાતના સાહિત્ય અને કલાની સાંસ્કૃતિક વિરાસરના સંસ્કાર વારસાને ગુજરાત દીપોત્સવી અંકના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવે છે. ગુજરાતના મુર્ધન્ય સાહિત્યકારોની સર્જનશીલ કલમે રજૂ થયેલા સાહિત્યની સૌરભથી વાચક મિત્રોનું મન પ્રફુલ્લિત બને તેવા ચિંતનાત્મક વિચારો, કાવ્યો, નવલિકાઓ, વિનોદિકાઓ, નાટિકાઓ સાથેનો ગુજરાત દીપોત્સવી ૨૦૭૮ સ્વરૂપે સાહિત્ય રસથાળ રજુ કરવામાં આવ્યો છે. ગુણવંતભાઈ શાહ, વિષ્ણુભાઈ પંડ્યા, જોરાવરસિંહ જાદવ, મહંમદ માંકડ, રતિલાલ બોરીસાગર, રઘુવીરભાઈ ચૌધરી, માધવ રામાનુજ, ચન્દ્રકાંત મહેતા, ડૉ. કુમારપાળભાઈ દેસાઈ, જય વસાવડા, કૃષ્ણકાંતભાઈ ઉનડકટ જેવા લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારોની સર્જનશીલ કલમે લખાયેલી રસપ્રદ સાહિત્યકૃતિઓથી ગુજરાત દીપોત્સવી અંક ૨૦૭૮ વાચકો માટે આવનારા વર્ષમાં અલભ્ય વાંચન સંભારણુ બની રહેશે. આ દીપોત્સવી ૨૦૭૮ના દળદાર વિશેષાંકમાં ૨૯ અભ્યાસ લેખો, ૩૩ નવલિકાઓ, ૧૯ વિનોદિકાઓ, ૭ નાટિકા અને ૯૮ જેટલી કાવ્ય રચનાઓ સાથે નયનરમ્ય ૬૪ જેટલી વિવિધ રંગીન તસવીરો સમાવિષ્ટ કરવામાં આવી છે.



સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગર ખાતે આજરોજ નવરાત્રી મહોત્સવ "રમઝટ ૨૦૨૨" નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન પ્રો. ફાલ્ગુનીબેન મેસરવાલા તેમજ પ્રો. નિર્મિત રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. આ નવરાત્રી મહોત્સવમાં કોલેજના ઉપરાંત કોલેજ આસપાસના વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લઈને માં અંબાની આરાધના કરી હતી. આ નવરાત્રી ગરબા મહોત્સવ અંતર્ગત બેસ્ટ ડ્રેસિંગ, બેસ્ટ પ્લેયર અને બેસ્ટ પ્લેબેક સિંગરના ઈનામો એનાયત કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

નવરાત્રી એટલે આનંદ-ઉલ્લાસ અને ગરબાની રમઝટ. નવરાત્રી પર્વે ગરબાની રમઝટ તો બોલાવાય જ છે સાથોસાથ વિવિધ કાર્યક્રમો પણ યોજાય છે.

સેકટર-૩-સી ખાતે યોજાયેલા નવરાત્રી પર્વ દરમ્યાન વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

બાળકો વિવિધ વેશભૂષામાં સજ્જ થઈને આવ્યા હતા.




# ગાંધીનગર જિલ્લાના બાળ સંભાળ ગૃહોના બાળકો દ્વારા ગરબા કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૦૪

ગાંધીનગર ખાતે જુવેનાઈલ જસ્ટીસ એક્ટ હેઠળ કાર્યરત બાળ સંભાળ ગૃહોમાં આશ્રય હેઠળ રહેલ બાળકોના આનંદ પ્રમોદ અને મનોરંજન માટે બાળ કલ્યાણ સમિતિ ગાંધીનગર, જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ ગાંધીનગર, સમાજ સુરક્ષા કચેરી ગાંધીનગર, બાળ સુરક્ષા એકમ ગાંધીનગર, ચાઈલ્ડ લાઈન ગાંધીનગર અને તમામ બાળ સંભાળ સંસ્થાઓના સહિયારા પ્રયાસથી ગાંધીનગર સ્થીત બાળ સંભાળ ગૃહ સેકટર-૧૭ ખાતે તમામ બાળ સંભાળ ગૃહોના બાળકો સાથે મળી સામુહિક ગરબાનું આયોજન કરવામાં આવ્યુ હતુ.



કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય મહેમાન તરીકે નિયામક સમાજ સુરક્ષા ખાતુ ગાંધીનગરના નિયામક વિક્રમસિંહ જાદવ, નાયબ નિયામક હંસાબેન વાળા, કાયદા અધિકારી વિશાલભાઈ આચાર્ય, બાળ કલ્યાણ સમિતિના ચેરમેન નવિનચંદ્ર વ્યાસ તથા સમિતિના સભ્યો તથા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી અને બાળ સુરક્ષા અધિકારી હાજર રહી બાળકો અને સંસ્થાઓના કર્મચારીઓ સાથે દાંડીયા રાસ-ગરબા રમ્યા હતા તેમજ બાળકોને પ્રોત્સાહિત કરવા માટે ઈન્ડોર, આઉટડોર ગેમ્સના સાધનો ઈનામ સ્વરૂપે વિતરણ કરવામાં આવ્યા હતા.

# ગુજરાતનું સર્વસમાવેશક વિકાસનું મૉડલ દેશના અન્ય રાજ્યો માટે પથપ્રદર્શક બની રહ્યું છે : રાષ્ટ્રપતિ

## રાષ્ટ્રપતિશ્રી દ્રોપદી મુર્મુજીના હસ્તે રૂ. ૧૬૪ કરોડના ૧૧ શૈક્ષણિક વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત

ગાંધીનગર, તા. ૦૪

રાષ્ટ્રપતિશ્રી દ્રોપદી મુર્મુજીએ ગુજરાત યુનિવર્સિટી



ખાતે શિક્ષણ અને આદિજાતિ વિકાસ વિભાગના રૂ. ૧૬૪ કરોડના ૧૧ વિકાસ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરતા જણાવ્યું કે, ગુજરાત રાજ્યનું સર્વસમાવેશક વિકાસનું મોડલ આજે દેશનાં અન્ય રાજ્યો માટે પથપ્રદર્શક બની રહ્યું છે. દેશનાં વિવિધ રાજ્યોને એકબીજાનાં વિકાસ મોડલને અપનાવીને વિકસિત રાષ્ટ્રનિર્માણ માટેની દિશામાં કાર્ય કરવા રાષ્ટ્રપતિશ્રીએ અનુરોધ કર્યો હતો. રાષ્ટ્રપતિશ્રી દ્રોપદી મુર્મુએ દેશના મહિલા આંતરપ્રિન્યોર્સ માટે herSTAR પ્લેટફોર્મનું લોન્ચિંગ કરતા જણાવ્યું કે, ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત ૪૫૦ જેટલા સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ દ્વારા અનેક લોકોને રોજગારી મળી રહી છે. જેમાં વિશેષપણે ઉધોગ સાહસિક મહિલાઓ પ્રેરિત ૧૨૫ જેટલા સ્ટાર્ટઅપ્સ મહિલાઓમાં રહેલી સાહસિકતા અને નવોન્મેષ વિચારોને નવી દિશા આપી રહ્યાં છે. જેના પરિણામે સરકારી અને ખાનગી ઉપક્રમથી તેમને જોડાવામાં મદદ મળી રહી છે. રાષ્ટ્રપતિશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી દેશભરમાં શરૂ થયેલ સ્ટાર્ટઅપ પ્રોગ્રામના પરિણામે વર્ષ ૨૦૨૨ ના ગ્લોબલ ઈનોવેશન ઈન્ડેક્ષ(GII)માં ભારત ૮૧ મા સ્થાનથી ૪૦મા સ્થાને પહોંચ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળની ડબલ એન્જિનની સરકાર ડબલ સ્પિરિટ અને ડબલ સ્પીડ સાથે વિકાસ કાર્યો કરી રહી છે. સ્ટાર્ટઅપ યોજના અને મુદ્રા યોજનાના પરિણામે રાજ્યના યુવાનોના નવોન્મેષ વિચારોને નવી રાહ મળી છે. મુદ્રા યોજના અંતર્ગત ૧.૧૦ લાખ લોકોને રુ.૬૬ હજારની લોન સહાય આપી હોવાનું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે રાજ્ય સરકાર દ્વારા યુવાનોના ઈનોવેટિવ વિચારોને વેગ આપવા માટે SSIP 2.0 અંતર્ગત રૂ. ૫૦૦ કરોડની ફાળવણી કરીને ન્યૂએજ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરવાની દિશામાં પ્રયાસો હાથ ધર્યા છે.



રાંધેજા સ્થિત સ્પર્શ કાઉન્ટી બંગ્લોઝના નવરાત્રીની ખૂબ જ ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આઠમ નિમિત્તે ૨૧૦૦ દીવડાઓની દીપમાળાથી સમગ્ર પરિસર જળહળી ઉઠ્યુ હતુ. વસાહતી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાયા હતા.

# શરદપૂનમના દિવસે સમસ્ત બ્રહ્મસમાજનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા. ૪

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, ધોળેશ્વર શાખા આયોજિત શરદપૂનમના શુભ અવસરે સ્નેહમિલન સાથે દૂધ-પૌઆનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે શનિવારે રાત્રે ૮.૩૦ થી ૧૨.૦૦ સુધી ભૈરવનાથ પાર્ટી પ્લોટ રાયસણ પેટ્રોલપંપની પાછળ રાયસણ, ગાંધીનગર ખાતે યોજાશે.

# લાયોનેસ ક્લબ ગાંધીનગરના સહયોગથી બોરીજ પ્રાથમિક શાળામાં ગરબા મહોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૦૪

બોરીજ પ્રાથમિક શાળામાં મા આદ્યશક્તિની આરાધનાના પર્વે નવલી નવરાત્રી નિમિત્તે તા. ૧-૧૦-૨૨ ના માના છઠ્ઠા નોરતે લાયોનેસ ક્લબ ગાંધીનગરના સહયોગથી ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૧ થી ૮ સુધીના કુલ ૮૦૦ જેટલા વિદ્યાર્થીનીઓએ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર લાયોનેસ ક્લબના પ્રમુખ પ્રીતિબેન શર્મા, સેક્રેટરી વિમળાબેન અયાચી, પૂર્વ પ્રમુખ મિત્તલબેન રાણા, પૂજન ડાન્સ એકેડમી અને લાયોનેસ ક્લબના સભ્ય પ્રજ્ઞાબેન ગજ્જર, મનીષાબેન ત્રિપાઠી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ગરબા મહોત્સવમાં નિર્ણાયક તરીકે લા. પ્રજ્ઞાબેન ગજ્જરે સેવા આપી હતી. તેમજ સારો ટ્રેડીશનલ ડ્રેસ અને સારા ગરબા રમનાર વિદ્યાર્થીઓને લાયોનેસ ક્લબના પૂર્વ પ્રમુખ દક્ષાબેન જાદવ, લા. મિત્તલબેન રાણા અને લાયોનેસ પ્રજ્ઞાબેન ગજ્જર તરફથી બાળકોને ઈનામો આપી નવાજવામાં આવ્યા હતા.

# જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં નવરાત્રીની ઉજવણી



ગાંધીનગર, તા. ૦૪

તા. ૩-૧૦-૨૨ને સોમવારના રોજ શ્રી જે.એમ. ચૌધરી સાર્વ. પ્રાથમિક શાળામાં ધોરણ-૬ થી ૮ની ગરબા હરીફાઈનું આયોજન કર્યુ હતુ. જેમાં બાળકોએ તથા શિક્ષકોએ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને ગરબાની મોજ માણી હતી. કાર્યક્રમને અંતે પ્રમુખ હરિભાઈ તથા પ્રમુખ ગૃપના ચૌધરી દશરથભાઈ તથા ચૌધરી જીતેન્દ્રભાઈ તથા આચાર્યબેન ચૌધરી અંજનાબેનને વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.




જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગાંધીનગર ના માધ્યમ દ્વારા સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત.૨૦૨૨ સ્વચ્છતા હી સેવા જુમ્બેશ ૧૫ સપ્ટેબર થી ૨ ઓક્ટોબર સુધી શુભરમ કાર્યકમ અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ ઓડિફ પલ્સ ગ્રામ.મનરેગા યોજના.વિશે અરિહંત આર્ટ કોમ્યુનિકેશન સંસ્થાના કલાકાર દ્વારા ગાંધીનગર જિલ્લો ના માણસ તાલુકા ૧૫ ગામ સંમો.હરણહોડા.બિલોદરા.પડુસ્મા. રીદ્રોલ. દેલવાડ. ચરાડા.બદપુરા.ખડત. રંગપૂર. વારસોડા. વેડા.અનોડિયા.અમરાપુરા માણેકપુર.ગામો માં ગામલોકે શપથ લેવડાવ્યા હતા સૂકો કચરો અને લીલો કચરો અલગ કરવા ગામલોકોને જનજાગૃતિ લાવવા માટેનું પ્રયત્ન કર્યા હતા જેમાં ગામના સરપંચ શ્રી. ઉપસરપંચ આગણવાડી બેન તેમજ માણસ તાલુકા ના વિસ્તરણ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા સ્ટાપ.કૈવસીકભાઈ.નિર્મિતભાઈ. લાલાભાઈ.રાજેશભાઈ લકક્ષામભાઈ.હાજર રહ્યા હતા તેમજ કલાકાર ના માધ્યમ દ્વારા શેરી નાટક રજૂ કર્યુ હતું

## રાજ્યકક્ષાની માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ માટે એન્ટ્રી ફોર્મ ભરવા જોગ

ગાંધીનગર, તા. ૦૪

આગામી ૪૧મી ગુજરાત રાજ્ય માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ તા. ૧૬-૧૦-૨૨ને રવિવારે સુરત ખાતેયોજવામાંઆવશે. આ ચેમ્પિયનશીપમાં ગાંધીનગર જિલ્લાના ૩૫ થી ઉપરની વય ધરાવનાર ખેલાડીઓ ઉંમર પ્રમાણેના ગૃપમાં ભાગ લેવા માટે તારીખ ૮-૧૦-૨૨ સુધીમાં એન્ટ્રી ફોર્મ્સ માટે કે.કે. પટેલ પ્લોટ નં. ૭૬૮/૧, સે. ૭-બી મો. ૯૮૯૮૬૧૬૮૦૮નો સંપર્ક કરવાનો રહેશે તેવુ ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ માસ્ટર્સ એથ્લેટિક્સ એસોસિએશનની અખબારી યાદમાં જણાવાયુ છે.